| | |
|---|---|
| દાવો રજુ તારીખ | ૦૬/૧૨/૨૦૧૯ |
| દાવો દાખલ તારીખ | ૦૬/૧૨/૨૦૧૯ |
| દાવો નિર્ણીત તારીખ | **5/10/2023** |
| સમયગાળો | *વર્ષ* | | *માસ* | | *દિવસ* | |

**મે. રાજપીપલાના એડીશનલ સીનીયર સીવીલ જજ સાહેબની અદાલત સમક્ષ, નર્મદા મુકામ–રાજપીપળા.**

**રે.દિ.મુ.નં.૧૯૭/૨૦૧૯**
**<u>આંક</u>:–**

૧.બચુભાઈ રૂપાભાઈ વસાવા,રહેઃઆમલેથા,તાઃનાંદોદ(નર્મદા)
.. .................... વાદી

**:: વિરૂધ્ધ::**

(૧) ભંગડાભાઈ પુનીયાભાઈ વસાવા
(૨) મયાડીબેન પુનીયાભાઈ વસાવા
(૩) સરાધીબેન પુનીયાભાઈ વસાવા
(૪) સુમનભાઈ ઈશ્વરભાઈ વસાવા
(૫) શનુભાઈ સોમાભાઈ વસાવા
રહેઃઆમલેથા,તાઃનાંદોદ(નર્મદા) .................. પ્રતિવાદી

**દાવોઃ– સ્પેશીફીક રીલીફ એકટની કલમ–૩૬,૩૮ મુજબ**
**દાવોઃરૂ.૧૦૦૦/ના આકથી જાથુના મનાઈહુકમનો તથા રૂ.૧૦૦૦/ના આંકથી હકકની જાહેરાત મેળવવા બાબત**

**<u>વાદી તરફે: વિ.વ.શ્રી. કે.જે.પંચાલ</u>**
**<u>પ્રતિવાદી તરફે: વિ.વ.શ્રી. એ.એ.તડવી</u>**

**<u>:: જજમેન્ટ ::</u>**

(૧) વાદીના દાવાની હકીકત એવી છેકે,અમો વાદીની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાનુ રહેણાકનુ મકાન ગામ આમલેથા ગ્રામ પંચાયત દફતરે ઘર નં.૪૦૩ નંબરથી નંધાયેલ છે.જે મકાનનો જુનો બ્લોક વાડાનુ ૭૪ અનેનવો બ્લોક વાડા નં.૫૦૨ થી આવેલ છે. જે મકાનમા વાદીના ઘરના સભ્યો સાથે રહી જીવન ગુજારીએ છીએ.સદર માનકની જમીન અમારા ગામના વેરાગીભાઈ મેલીયાભાઈ વસાવા ઈચ્છલાભાઈ મેલીયાભાઈ તથા શનુભાઈ સોાભાઈ પાસેથી તા:૫/૧/૨૦૦૧ના રોજ રૂ.૬૩૦૦/મા એમના હીસ્સાનો વાડામા આવેલ તેઓનુ મકાન વેચાણ રાખેલ જેની ચર્તુદિશા જોતા:–

પુર્વ:જાહેર રસ્તો

પચિમ: મગરા અમરાનો વાડો

ઉત્તર:જગદીશ રમણનો વાડો

દક્ષિણે:દિવાલ યુનીયાનો વાડો

ઉપરોકત ચતુદિશા વચ્ચે વાદવાળી મકાન આવેલ પુર્વ–પચ્મિ ૩૬ ફુટ અને ઉતર દક્ષિપ ૬૦ ફુટ આવેલ છે જે મકાનમા વાદી સને ૨૦૦૧થી સ્વતંત્ર માલીકી કબજા ભોગવટામા રાખી તેનો ઉપયોગ ઉપભોગ વહીવટ આજદિન સુધી કરતા આવેલ છે.

આ કામના પ્રતિવાદી જેઓ વાદવાળી વાડોના સહમાલીક છે અને તેઅદો વચ્ચે વાદવાળી

વાડાની વહેચણ થઈ ગયેલ છે. જે મુજબ વેરાગીભાઈ તથ તેમના ભાઈ ઈચ્છલાભાઈ તથા શનુભાઈએ તેમના હીસ્સામા આવેલ વાડો તથા મકાન અમોને ૨૦૦૧ની સાલમા વેચાણ આપી દીધેલ જે આધારે તેઓની કબુલાત અને સંમતીના આધારે અમારુ નામ ગ્રામ પંચાયત દફતરે ઘર નં.૪૦૩ થી દાખલ થયેલ છે. આ કામના પ્રતિવાદીઓનો વાદવાળી જમીનમા કોઈપણ પ્ર કારનો હકક હિત ેક લાગભાગ આવેલ નથી તેમછંતા અમારા કબજામા આવેલ વાડામા તેઓ ખોટીરીતે દબાણ કરવાની કોશીશ કરતા ગઈ કાલે સવારે નવ વાગે આરા વાડાની પચ્મિ દિશા તરફ આવેલ અમારી જમીનમા ગે.કા.દબાણ કરવાની કોશીશ કરતા એ જણાવેલ કે, સદર વાડાની જમીન અમોએ ૨૦૦૧ની સાલમા વેચાણ રાખેલ છે અને તયારથી અમારા સ્વતંન્ન કબજામા છે. અને તમો શા માટે અમારા કબજાની જમીનમા દખલ કરો છો તો આ કામના પ્રતિ વાદી ઓએ ઉશ્કેરાઈ જઈ જણાવેલ કે, તારા કબજાની જમીનમા અમારુ નવુ મકાન બનાવી દઈશુ તારાથી જે થાય તે કરી લેજો અને તારે જયા જવુ હોય ત્યાં જા અમો કોઈનાથી ડરતા નથી તેવી ધમકી આપી અમારા વાડાની જમીનમા ગે.કા. દબાણ કરવાની કોશીશ કરતા તાત્કાલીક સદર દાવો નામ.કોર્ટમા દાખલ કરવા ફરજ પડેલ છે.

**<u>દાવાનુ કારણ</u>:**આ કામના પ્રતિવાદીઓએ ગઈકાલ સવારે નવવાગે અમારા વાડાની પશિચ્મ તરફ ગે.કા. દબાણ કરવાની કોશીશ કરવાની તજવીજ કરતા તેઓને અટકાવે જેથી તેઓ અમોને ગાળો તથા ધમકી આપી ત્યારથી દાવાનુ કારણ રોજબરોજ નામ.કોર્ટની હકુમત તળે ઉભુ થતુ રહયુ છે.

**વાદીની દાદ**:દાવા અરજીના પેરા–૧મા જણાવેલ જમીનમા અમો વાદીનીના સ્વતન્ન માલીકી

કબજા ભોગવટાના ઘર નં.૪૦૩ ની પશ્ચિમ દિશા તરફ અમારા માલીકીની જમીનમા આ કામના પ્રતિવાદીઓ જાતે કે તેમના એજન્ટ મારફતે કોઈ પણ પ્રકારની ગે.કા. દબાણ કરે કરાવે નહી તેમજ વાદવાળી જમીનની બળજબરીયાનથી કબજો છીનવી લઈ લેવડાવે નહી કે વાદવાળી જમીનનો ઉપયોગ ઉપભોગ કરતા કોઈપણ પ્રકારની ગાળો કે ધમકી આપી અપાવે નહી તેવો જાથુનો મનાઈ હુકમ અપાવવા અરજ કરેલ છે. વધુમા વાદવાળી જમીનમા પ્રતિવાદીઓએ કોઈપણ પ્રકારનો હકક હીત કે લાગભાગ આવેલ નથી તેવુ જાહેર કરવા તેમજ દાવાનો ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી વસુલ અપાવવા તથા નામ.કોર્ટને યોગ્ય અને મુનાસીબ લાગે તેવી વધુ હરકોઈ ન્યાયી દાદ અપાવશોજી.

(૨) આ કામે પ્રતિવાદીઓને દાવાનો સમન્સ બજતા તેઓ પોતે પોતાના વિ.વ.શ્રી મારફતે અત્રેની કોર્ટમા હાજર થઈ આકઃ૧૨થી વાદીના દાવા અરજ વિરૂધ્ધ નીચે મુજબનો લ ેખિત જવાબ રજુ રાખેલ છે.અને વાદીના દાવા અરજી તદ્દન ખોટી અને ઉપજાવી કાઢેલ હકીકતોનો તેમજ તમામ ઈબારતોનો પ્રતિવાદીએ ઈન્કાર કરી અને કબુલ કર્યાની તમામ હકીકત વાદીએ સાબીત કરવી જોઈએ તેમ જણાવી ખરી હકીકત એવી છે કરી જણાવેલ છે કે,સદર વાડો અમોએ આ કામના વાદીને વેચાણ આપેલ નથી અને વેચાણ બાબતનુ કોઈ લખાણ પણ કરેલ નથી. કે અમોએ જમીના ભાગ પણ પાડેલ નથી. ખરી હકીકતે સદર વાડા નં.૭૪ નવો નં.૫૦૨ આજે પણ પ્રતિવાદીઓ પાસે છે. અને તેનો ઉપયોગ ઉપભોગ કરતા આવે છે. આજે પણ સદર જમીનમા આરા સયુંકત નામ ચાલે છે. વાદી જે ઘર નં.૪૦૩ થી આમલેથા ગ્રામ પંચાયત દફતરે નંધાયેલ છે તે ઘર નં.વાડા નં.૭૪મા પડેલ નથી. પરંતુ વાદી ખલટી હકીકતો ઉપજાવી કાઢી

બળજબરીયાન કબજો અમારી પાસેથી પડાવી લેવા માટે ખોટી હકીકતો જણાવે છે. આ કામના વાદીનો કોઈપણ પ્રકારનો હકક હીત કે,લાગભાગ આવેલ નથી વાડામા તેઓનુ નામ પણ નથી આમ વાડો પડાવવા ખોટી દાનત રાખી ખોટા કારણો ઉભા કરી સદર દાવો કરેલ હોય તેમજ  સત્ય હકીકતો છુપાવી ૨૦ વરસનો વિલંબ થયેલ હોયઅને તે રીતે વાદીનો દાવો ખર્ચ સહીત રદ કરી અમો પ્રતિવાદીઓને વાદીથી ખર્ચ ઉપરાંત કોમ્પેનસેટરી કોસ્ટ અપાવવા અરજ કરેલ છે.

(૩) **વાદીએ પોતાના દાવાના સમર્થનમા નીચે મુજબના મૌખીક તેમજ  દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.**

**મૌખીક પુરાવાઓઃ**

| અનુ. નં. | આંક | નામ |
|---|---|---|
| ૧ | ૩૪ | વાદી બચુભાઈ રૂપાભાઈ વસાવાની સરતપાસનુ સોગદનામુ |
| ૨ | ૩૬ | વાદીના સાહેદ અમરતભાઈ ખાલપાભાઈ વસાવાનુ સોગંધ નામુ |
| ૩ | ૩૯ | વાદીના સાહેદ હેતલબેન ડી.કહારની સરતપાસની જુબાની |

**દસ્તાવેજી પુરાવાઓઃ**

| અનુ. નં. | આંક | કાગળની વિગત |
|---|---|---|
| ૧ | ૨૮ | વાદવાળી મીલકતનો અસલ વેચાપ કરારવાદવાળી મીલકતનો |
| ૨ | ૨૯ | વાદવાળી મીલકતનો  સને ૧૯૯૪–૯૫નો વાડા નં.૭૪ના ૭/૧૨ |
| ૩ | ૩૦ | આમલેથા ગ્રામ પંચાયતના ઘર નં.૪૦૩ની અસલ વેરા પાવતી ૨૦૧૩–૧૪ |
| ૪ | ૩૧ | આમલેથા ગ્રામ પંચાયતના ઘર નં.૪૦૩ની અસલ વેરા પાવતી ૨૦૧૯–૨૦ |
| ૫ | ૩૨ | આમલેથા ગ્રામ પંચાયતના ઘર નં.૪૦૩ની અસલ વેરા પાવતી ૨૦૧૫–૧૬ |
| ૬ | ૩૩ | આમલેથા ગ્રામ પંચાયતના ઘર નં.૪૦૩ની અસલ વેરા પાવતી ૨૦૨૧ |

| | | |
|---|---|---|
| | | –૨૨ |
| ૭ | ૪૦ | આમલેથા ગ્રામ પંચાયત ૨૦૨૨–૨૩ની આકારણી રજી.ની ખપ પુરતી નકલ |
| ૮ | ૪૧ | આમલેથા ગ્રામ પંચાયત હિશાબ નમુના નં.૮ આકારણી પત્રક ૨૦૦૩–૯ની ખપ પુરતી નકલ |
| ૯ | ૪૨ | આમલેથા ગ્રામ પંચાયત ખેતરવાર પત્રકની નકલ |

(૪) **પ્રતિવાદી નં.૪ તરફે પોતાના જવાબના સમર્થનમા નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.**

**મૌખીક પુરાવાઓઃ**

| અનુ. નં. | આંક | નામ |
|---|---|---|
| ૧ | ૪૯ | પ્રતિવાદી નં.૪ સુમનભાઈ ઈશ્વરભાઈ વસાવા સરતપાસનુ સોગદનામુ |

(૪) વાદીની મૌખીક દલીલો સાંભળી. તેમજ પ્રતિવાદી તરફે આકઃ૫૫થી લેખીત દલીલો વંચાણે લીધી.દાવા અરજી રજુ કરેલા મૌખીક પુરાવાઓ, તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા.

(૫) આ દાવાના ન્યાયી નિર્ણય માટે મારા પુરોગામી ન્યાયાધીશશ્રીએ નીચે મુજબના મુદાઓ આંક ૧૬ થી ઘડેલા છે.

<u>મુદ્દાઓઃ–</u>

(૧) શું વાદી પુરવાર કરે છે કે,દાવાવાળી જગા તેઓની માલીકી કબજા ભોગવટાની છે ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીઓ વાદીની જગામા ગે.કા.દબાણ કરવાનો પ્રયત્ન કરી

રહેલ છે ?

(૩) શું પ્રતિવાદી પુરવાર કરે છેકે,વાદીએ મીલકતનુ ખોટુ વર્ણન કરી ઉપજાવેલી હકીકતોને આધારે દાવો કરેલ છે ?

(૪) શુ વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

(૫) શું હુકમ અને હુકમનામુ?

**(૬) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.**

(૧) હકારમા

(૨) નકારમા

(૩) નકારમા

(૪) હકારમા

(૫) આખરી હુકમ અનુસાર

## :: કા ર ણો ::

(૭) **મુદ્દા નં.:–૧, ૨,૩ ,૪:–**

આ કામે સદર મુદાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય, પુરાવાનુ પુનરાવર્તન ટાળવાના આશયે તમામ મુદાઓની ચર્ચા એક સાથે કરેલ છ વાદી બચુભાઈ રૂપાભાઈ વસાવા એ આંક ૩૪ થી પોતાની દાવા અરજીના સમર્થનમા મૌખીક પુરાવો રજુ કરેલ છે અને પોતાની દાવા અરજીના કથનોને વળગી રહેલા છે અને જણાવેલ છે કે, અમો વાદીની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાનુ રહેણાકનુ મકાન ગામ આમલેથા ગ્રામ પંચાયત દફતરે ઘર નં.૪૦૩ નંબરથી

નંધાયેલ છે.જે મકાનનો જુનો બ્લોક વાડાનુ ૭૪ અનેનવો બ્લોક વાડા નં.૫૦૨ થી આવેલ છે. જે મકાનમા વાદીના ઘરના સભ્યો સાથે રહી  જીવન ગુજારીએ છીએ.સદર માનકની જમીન અમારા ગામના વેરાગીભાઈ મેલીયાભાઈ વસાવા ઈચ્છલાભાઈ મેલીયાભાઈ તથા શનુભાઈ સોભાઈ પાસેથી તાઃ૫/૧/૨૦૦૧ના રોજ રૂ.૬૩૦૦/મા એમના હીસ્સાનો વાઠાડામા આવેલ તેઓનુ મકાન વેચાણ રાખેલ જેની ચર્તુદિશા જોતાઃ–

પુર્વઃજાહેર રસ્તો

પચિમઃ મગરા અમરાનો વાડો

ઉત્તરઃજગદીશ રમણનો વાડો

દક્ષિણેઃદિવાલ યુનીયાનો વાડો

ઉપરોકત ચતુદિશા વચ્ચે વાદવાળી મકાન આવેલ પુર્વ–પચ્મિ ૩૬ ફુટ અને ઉતર દક્ષિપ ૬૦ ફુટ આવેલ છે જે મકાનમા વાદી સને ૨૦૦૧થી સ્વતંત્ર માલીકી કબજા ભોગવટામા રાખી તેનો ઉપયોગ ઉપભોગ વહીવટ આજદિન સુધી કરતા આવેલ છેઆ કામના પ્રતિવાદી જેઓ વાદવાળી વાડોના સહમાલીક છે અને તેઅદો વચ્ચે વાદવાળી વાડાની વહેચણ થઈ ગયેલ છે. જે મુજબ વેરાગીભાઈ તથ તેમના ભાઈ ઈચ્છલાભાઈ તથા શનુભાઈએ તેમના હીસ્સામા આવેલ વાડો તથા મકાન અમોને ૨૦૦૧ની સાલમા વેચાણ આપી દીધેલ જે આધારે તેઓની કબુલાત અને સંમતીના આધારે અમારુ નામ ગ્રામ પંચાયત દફતરે ઘર નં.૪૦૩ થી દાખલ થયેલ છ આ કામના પ્રતિવાદીઓનો વાદવાળી જમીનમા કોઈપણ પ્રકારનો હકક હિત ્ક લાગભાગ આવેલ નથી તેમછંતા અમારા કબજામા આવેલ વાડામા તેઓ ખોટીરીતે દબાણ કરવાની કોશીશ કરતા

ગઈ કાલે સવારે નવ વાગે આરા વાડાની પચ્મિ દિશા તરફ આવેલ અમારી જમીનમા ગે.કા.દબાણ કરવાની કોશીશ કરતા એ જણાવેલ કે, સદર વાડાની જમીન અમોએ ૨૦૦૧ ની સાલમા વેચાણ રાખેલ છે અને તયારથી અમારા સ્વતંત્ર કબજામા છે. અને તમો શા માટે અમારા કબજાની જમીનમા દખલ કરો છો તો આ કામના પ્રતિ વાદી ઓએ ઉશ્કેરાઈ જઈ જણાવેલ કે, તારા કબજાની જમીનમા અમારુ નવુ મકાન બનાવી દઈશુ તારાથી જે થાય તે કરી લેજો અને તારે જયા જવુ હોય ત્યાં જા અમો કોઈનાથી ડરતા નથી તેવી ધમકી આપી અમારા વાડાની જમીનમા ગે.કા. દબાણ કરવાની કોશીશ કરતા તાત્કાલીક સદર દાવો નામ.કોર્ટમા દાખલ કરવા ફરજ પડેલ છે.

જયારે પ્રતિવાદી તરફે ઉલટતપાસમા જણાવે છેકે,મે જે જમીન માટે દાવો કરેલ છે તેનો ખાતા નંબર અને સર્વે નંબર હુ જાણુ છુ.પરંતુ જે હાલ મને યાદ નથી **આ જમીન કુલ ૯ ગુઠાની છે જે પૈકી બે ગુંઠા મને વેચાણ આપેલ છે**.આ વાડામા કુલ ત્રણ જણના નામ ચાલે છે. એ વાત ખરી છેકે, આ વાડામા મારુ નામ ચાલતુ નથી. **સાહેદ સ્વેચ્છાએ જણાવે છેકે, પંચાયતમા મારો ઘર નંબર નંધાયેલ છે.** એ વાત ખરી છેકે, કોઈપણ સર્વે નંબર મા ફેરફાર થાય તો તેની નોંધ ગામ નમુના નં.૬ના હકકપત્રકમા થાય છે.**આ વેચાણનુ લખાણ રૂ.૧૦/ના સ્ટાંપ પેપર પર કરી આપેલ છે. એ વાત ખરી છે.કે, આ સ્ટોપ મે તાઃ૫/૧/૨૦૦૧ના રોજ ખરીદ કરેલ.એ વાત ખરી નથી કે, આ સ્ટાંપ ખરીદયાના ૧૧ માસ બાદ તાઃ૪/૧૧/૨૦૦૧નારોજ મે તેના પર લખાણ કરેલુ.આ જમીન પર અમારો ૨૦ વરસથી મારો કબજો છે.** એ વાત ખરી નથી કે, આ કામે તે કબજા દરમ્યાન આ જમીન બાબતે કોઈ કરવેરાની પહોચ મે આ કામે રજુ કરેલ નથી.

આ દાવો મે મકાન બાંધ્યા બાબતનો કરેલ છે.એ વાત ખરી છેકે, મે ઘર નં.૪૦૩ સર્વે નં.૭૪ મા જ બનાવેલ બાબતનો પુરાવો હાલના કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છેકે,આ જમીન પૈકી બે ગુંઠા જમીન વેરાગીભ્મઈના હીસ્સે આવેલ હતી અને તેમની પાસેથી તે ૨ ગુંટા મે વેચાણ રાખેલી તે બતાવવા કોઈ દસ્તાવેજી પુરાવો હાલના કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છેકે, વેચાણનુ લખાણ તાઃ૪/૧૧/૦૧ના રોજ કરેલ છે અને તે વેરાગીભાઈ તાઃ૫/૩/૯૮ના રોજ ગુજરી ગયેલ છે. એ વાત ખરી નથી કે, વેરાગીભાઈ મરણ ગયા બાદ આ લખાણ કરેલુ.આ વાડાની ચર્તુદિશા હુ  જાણતો નથી એ વાત ખરી નથી કે, આ વાડામા અમારુ કોઈ નામ ના હોવાછંતા પ્રતિવાદીઓની જમીન બળજબરી પુર્વક પડાવી લેવા માટે હાલનો દાવો કરેલ છે.

**વાદી તરફે સાહેદ અમરતભાઈ ખાલપાભાઈ વસાવા આકઃ૩૬ની સોગધપરની જુબાનીમા જણાવે છેકે,વાદીની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાનુ રહેણાકનુ મકાન ગામ આમલ ેથા ગ્રામ પંચાયત દફતરે ઘર નં.૪૦૩ નંબરથી નંધાયેલ છે.જે મકાનનો જુનો બ્લોક વાડાનુ ૭૪ અનેનવો બ્લોક વાડા નં.૫૦૨ થી આવેલ છે. જે મકાનમા વાદીના ઘરના સભ્યો સાથે રહી જીવન ગુજારીએ છીએ.સદર માનકની જમીન અમારા ગામના વેરાગીભાઈ મેલીયાભાઈ વસાવા ઈચ્છલાભાઈ મેલીયાભાઈ તથા શનુભાઈ સોાભાઈ પાસેથી તાઃ૫/૧/૨૦૦૧ના રોજ રૂ.૬૩૦૦/મા એમના હીસ્સાનો વાઠાડામા આવેલ તેઓનુ મકાન વેચાણ રાખેલ** જેની ચર્તુદિશા જોતાઃ–

પુર્વઃજાહેર રસ્તો

પચિમઃ મગરા અમરાનો વાડો

ઉત્તરઃજગદીશ રમણનો વાડો

દક્ષિણેઃદિવાલ યુનીયાનો વાડો

**ઉપરોકત ચતુદિશા વચ્ચે વાદવાળી મકાન આવેલ પુર્વ–પચ્મિ ૩૬ ફુટ અને ઉતર દક્ષિપ ૬૦ ફુટ આવેલ છે જે મકાનમા વાદી સને ર૦૦૧થી સ્વતંત્ર માલીકી કબજા ભોગવટામા રાખી તેનો ઉપયોગ ઉપભોગ વહીવટ આજદિન સુધી કરતા આવેલ છે.આ કામના પ્રતિવાદી જેઓ વાદવાળી વાડોના સહમાલીક છે અને તેઓ વચ્ચે વાદવાળી વાડાની વહેચણ થઈ ગયેલ છે. જે મુજબ વેરાગીભાઈ તથ તેમના ભાઈ ઈચ્છલાભાઈ તથા શનુભાઈએ તેમના હીસ્સામા આવેલ વાડો તથા મકાન અમોને ર૦૦૧ની સાલમા વેચાણ આપી દીધેલ જે આધારે તેઓની કબુલાત અને સંમતીના આધારે અમારુ નામ ગ્રામ પંચાયત દફતરે ઘર નં.૪૦૩ થી દાખલ થયેલ છે.જે હકીકત હુ સારીરીતે જાણુ છુ. જે જાણવા તથા માનવા મુજબ સાચી અને ખરી છે.**

સદર સાહેદની પ્રતિવાદી તરફે કરવામા આવેલ ઉલટતપાસમા હુ કાઈ ભણેલ નથી. રૂ.ર૦/સ્ટાંપ પેપર પર મારી રુબરુ લખાણ થયેલ તે છખતે સાક્ષીમા મારી સાથે કુલ પાચ માણસો હાજર હતા આ લખાણ કઈ સાલમા થયેલ તે મને ખબર નથી પરંતુ તેને ર૦–રર વરસ થયેલ છે. તે લખાણમા વેચાણ રાખનાર તરીકે બચુભાલ રૂપાભાઈ વસાવાનુ નામ છે એ વાત ખરીછેકે, મારી રુબરુના લખાણમા બચુભાઈની સહી નથી.એ વાત ખરી છેકે,મારી સરતપાસના પેરા–ર મા વાોવાળી મકાનનુ પુર્વ પશ્ચિમ ૩૬ ફુટ અને ઉતર દક્ષિણ ૬૦ફુટ જે માપ બતાવેલ છે તેવુ માપ રૂ.ર૦/ના સ્ટાંપ પેપરના લખાણમા નથી એ વાતની મનેખબર નથી કે, આ લખાણ કયા સર્વે નંબર બાબતે થયેલુ સાહેદ સવેચ્છાએ જણાવે છેકે, હુ અભણ હોય મને ખબર નથી. એ

વાત ખરી નથી કે, આવુ કોઈ લખાણ થયેલ ન હોવાછંતા વાદી બચુભાઈ મારા સબંધી થતા હોઈ આજરોજ તેમના સમર્થના ખોટી જુબાની આપુ છુ.

**વાદી તરફે સાહેદ ત.ક.મંત્રી હેતલબેન ડી.કહાર આકઃ૩૯**ની સોગઘપરની જુબાનીમા જણાવે છેકે, હું સને મે–૨૦૨૧ થી તલાટી કમ મંત્રી તરીકે આમલેથા મુકામે ફરજ બજાવુ છું. આ કામે અમોને નામદાર કોર્ટ તરફથી હાજર રહેવાની નોટીસ મળેલી. **બચુભાઈ રૂપાભાઈ વસાવાનુ રહેણાકનુ મકાન આમલેથા ગ્રામ પંચાયત દફતરે આકારણી રજીસ્ટર નંબર ૪૦૩ થી નોંધાયેલ છે. જે આ કામે રજુ કરીએ છીએ. જેમા મારી સહી તથા અમારી ગ્રામ પંચાયતનો રાઉન્ડ સીલ મારેલ છે. જે રજુ દાખલા આંક .૪૦ આપવામા આવે છે. આકારણી રજીસ્ટર નંબર ૩૫૭ થી સને ૨૦૦૩–૦૪ ની આકારણી રજીસ્ટરમા નોંધેલ છે. જે રજીસ્ટરની પ્રમાણીત નકલ આજરોજ હું રજુ રરૂ છું જેમા મારી સહી તથા ગ્રામ પંચાયતનો રાઉન્ડ સીલ મારેલ છે. જેને રજુ દાખલ આંક .૪૧ આપવામા આવે છે. આ મકાન વાડા નંબર ૭૪ મા આવેલ છે. જે પંચકયાસ કરતી વખતે બચુભાઈના રૂબરૂના નિવેદનના આધારે હું જણાવું છું.** જે ખેતર પત્રક મુજબ ૩૩/૨ ૧૨ ગુંઠા જેમા ૩ ગુંઠા ખરાબો બાદ જતા ૯ ગુંઠાનો વાડો રહે છે. જે વાડો મેલીચા માલુજી તથા પુનીયા માલુજીના નામે ચાલે છે. જે અં ગેનુ ખેતર પત્રક હું આજરોજ રજુ કરૂ છું. જેના પર તલાટી કમ મંત્રીશ્રી તરીકે મારા સહી સીકકા છે જે હું ઓળખી બતાવું છું જેને રજુ દાખલ આંક ..૪૨ આપવામા આવે છે.

જયારે પ્રતિવાદી તરફે કરવામા આવેલ ઉલટતપાસમા હું છેલ્લા નવ વર્ષ ત.ક.મંત્રી તરીકે ફરજ બજાવું છું.મારી ફરજમાં ગામનો નમુનો રેવન્યુ નંબર ૧ થી ૧૮ નિભાવવાનું ગામપંચાયત નમુના નંબર ૧થી ૩૨ નિભાવણી કરવી.જન્મ મરણની નોંધ કરવી.તેમજ મામલતદાર કચેરી

તરફથી આવેલ કામગીરી જીલ્લા પંચાયત કચેરી તરફથી આવેલ કામગીરી કરવી.ગ્રામસભાનું આયોજન કરવું, સામાન્ય સભાનું આયોજન કરવું વિગેરેનો સમાવેશ થાય છે.એ વાત ખરી છે કે આજરોજ મારી સાથે મિલ્કતની આકારણી રજીસ્ટર રજુ કરેલ છે. તેમાં ખાનગી મિલ્કતમાં વાદીનો ઘર નંબર પડેલ છે.એ વાત ખરી છે કે આ સર્વે નં.૦વાડા(૫૦ર) ૭૪ માં પ્રતિવાદીઓના નામ ચાલે છે. તેમાં વાદીનું નામ ચાલતું નથી.એ વાત ખરી છે કે વાદીનો જે નંબર પડેલો છે તે કયા દસ્તાવેજી પુરાવાના આધારે ઘર નંબર પડેલ છે. તે લગત દસ્તાવેજી પુરાવા આ કામે મે રજુ કરેલ નથી.એવાત ખરી છે કે કોઈ ખાનગી મિલ્કત માં ત્રાહીત વ્યકિત નોંધણી કરવા આવે તો તેની અરજી તથા તે સાથેના દસ્તાવેજી પુરાવાના આધારે નોંધણી કરવામાં આવે છે.મને એ વાત ની ખબર નથી કે મિલ્કતના મુળ માલીકને નોટીસ આપવામાં આવેલી.વધુમાં હું જણાવું છુકે આ કામે નોંધ ર૦૦૩–ર૦૦૪માં પડેલ છે.તેમજ મે ચાર્જ ર૦ર૧માં લીધેલો છે.એ વાત ખરી છે કે ગ્રામપંચાયત નમુના ૮ માં હુકમ થયા બાદ મિલ્કતની નોંધ પાડવામાં આવે છે.હું આ કામે મિલ્કતના વધુ દસ્તાવેજી પુરાવા રજુ કરવા માંગતી નથી.

સદર કામે આ કામે **પ્રતિવાદી નં.૪ સુમનભાઈ ઈશ્વરભાઈ વસાવા પોતાની આક:૪૯ ની જુબાનીમા જણાવે છે** કે,પોતાના આક:૧રથી વાદીના દાવા અરજ વિરૂધ્ધ લેખિત જવાબ રજુ રાખેલ છે.અને વાદીના દાવા અરજી તદ્દન ખોટી અને ઉપજાવી કાઢેલ હકીકતોનો તેમજ તમામ ઈબારતોનો પ્રતિવાદીએ ઈન્કાર કરી અને કબુલ કર્યાની તમામ હકીકત વાદીએ સાબીત કરવી જોઈએ તેમ જણાવી ખરી હકીકત એવી છે કરી જણાવેલ છે કે,સદર વાડો અમોએ આ કામના વાદીને વેચાણ આપેલ નથી અને વેચાણ બાબતનુ કોઈ લખાણ પણ કરેલ

નથી. કે અમોએ જમીના ભાગ પણ પાડેલ નથી. ખરી હકીકતે સદર વાડા નં.૭૪ નવો નં.૫૦૨ આજે પણ પ્રતિવાદીઓ પાસે છે. અને તેનો ઉપયોગ ઉપભોગ કરતા આવે છે. આજે પણ સદર જમીનમા આરા સયુંકત નામ ચાલે છે. વાદી જે ઘર નં.૪૦૩ થી આમલેથા ગ્રામ પંચાયત દફતરે નંધાયેલ છે તે ઘર નં.વાડા નં.૭૪મા પડેલ નથી. પરંતુ વાદી ખોટી હકીકતો ઉપજાવી કાઢી બળજબરીયાન કબજો અમારી પાસેથી પડાવી લેવા માટે ખોટી હકીકતો જણાવે છે. આ કામના વાદીનો કોઈપણ પ્રકારનો હકક હીત કે,લાગભાગ આવેલ નથી વાડામા તેઓનુ નામ પણ નથી આમ વાડો પડાવવા ખોટી દાનત રાખી ખોટા કારણો ઉભા કરી સદર દાવો કરેલ હોય તેમજ સત્ય હકીકતો છુપાવી ૨૦ વરસનો વિલંબ થયેલ હોયઅને તે રીતે વાદીનો દાવો ખર્ચ સહીત રદ કરી અમો પ્રતિવાદીઓને વાદીથી ખર્ચ ઉપરાંત કોમ્પેનસેટરી કોસ્ટ અપાવવા અરજ કરેલ છે.

જયારે વાદી તરફે કરવામા આવેલ ઉલટતપાસમા વેરાગીભાઈ મેલીયાભાઈ મારા મોટા પપ્પા થાય છે. ઈસલાભાઈ મેલીયાભાઈ મારા પપ્પા થાય છે. શનુભાઈ સોમાભાઈ મારા કાકા થાય છે. એ વાત ખરી છે કે, ત્રણેય ની સંયુકત માલીકીનો વાડો વાડા નં–૭૪ આમલેથા ગામમા આવેલ છે. એ વાત ખરી નથી કે, આ ત્રણેય વ્યકિતઓએ ભેગા મળીને સદર વાડો આ કામના વાદીને ૨૦૦૧ ની સાલમા વેચાણે આપેલો. વાડાની જમીનનુ ક્ષેત્રફળ નવ (૯) ગુંઠા છે. એ વાત ખરી નથી કે તેમાથી બે ગુંઠાની જમીન આ કામના વાદી બચુભાઈને આપેલ છે. એ વાત ખરી છે કે, આખી ૧

૮ ગુંઠા વાડાની જમીન જે હું કહું છું તેનો રેવન્યુ રેકર્ડનો ઉતરો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, આ ૧૮ ગુંઠા પૈકી ૦૯ ગુંઠાની જમીન અમારી પાસે આવેલી છે. એ વાત ખરી નથી કે, સદર વાડાની જમીનમા વસાવા ભંગળભાઈ પુનીયાભાઈ, મયાળીબેન પંનીયાભાઈ, શરાદીબેન પુનીયાભાઈ, શનુભાઈ સોમાભાઈ, ચીમનભાઈ વેરાગીભાઈ, સુમનભાઈ ઈશ્વરભાઈ ના મકાન આવેલ છે. એ વાત ખરી નથી કે, બચુભાઈ રૂપાભાઈનુ મકાન પણ આ વાડાની જમીન પર આવેલ છે. એ વાત ખરી છે કે, આ બચુભાઈ રૂપાભાઈનુ મકાન કયા વાડાની જમીનમા આવેલ છે તે અંગેનો કોઈ પુરાવો અમોએ રજુ કેલ નથી. એ વાત ખરી નથી કે, બચુભાઈ રૂપાભાઈ તેમના મકાનમા છેલ્લા ૨૦ થી ૨૫ વર્ષ થી રહે છે. સાહેદ જણાવે છે કે, આ કેસ કર્યો તે સમયે જ બાંધેલું. એ વાત ખરી નથી કે, બચુભાઈ રૂપાભાઈએ તેઓના ઘર નં–૪૦૩ થી આમલેથા ગ્રામ પંચાયત દફતરે નોંધાયેલ છે. એ વાત ખરી નથી કે, આ મકાનનો વેરો પણ બચુભાઈ રૂપાભાઈ ગ્રામ પંચાયતમા ભરે છે. સાહેદ જણાવે છે કે, તે વેરો જુના મકાનનો ભરે છે. બચુભાઈ રૂપાભાઈનો જુનો ઘર નંબર કયો છે તે હુ કહી શકુ નહી. એ વાત ખરી છે કે, બચુભાઈ રૂપાભાઈના મકાન બાબતે અમોએ આજદીન સુધી કોઈ કાર્યવાહી કરેલ નથી. એ વાત ખરી છે કે, આ સિવાય અમોએ આમલેથા ગ્રામ પંચાયતમા બચુભાઈ રૂપાભાઈના મકાન બાબતે અમોએ કોઈ વાંધા અરજી આપેલ નથી. એ વાત ખરી છે કે, વેરાગીભાઈ મેલીયાભાઈ અંગુઠો પાડતા હતા.

એ વાત ખરી છે કે, ઈસલાભાઈ મેલીયાભાઈ, શનુભાઈ સોમાભાઈ, સુમનભાઈ ઈસલાભાઈ, મંગીબેન વેરાગીભાઈ, શશરીબેન સોમાભાઈ નાઓ તમામ અંગુઠો પાડે છે. એ વાત ખરી છે કે, નન્નુભાઈ લુલાભાઈ, શનાભાઈ છેદળભાઈ, અમરતભાઈ ખાલપાભાઈ, માધુસીહ ઝીણાભાઈ, અરવીંદભાઈ ફતેસીંહભાઈ, ડાહયાભાઈ ભંગળભાઈ આ તમામ  મારા ગામના આમલેથાના છે. હું ભણેલ નથી. એ વાત ખરી છે કે, સદર કોર્ટમા રજુ કરેલ સોગંદનામુ વકીલશ્રીએ તૈયાર કરેલું. અને તેના પર મે અંગુઠો પાડેલો. એ વાત ખરી છે કે, અમો કયા વાડા નંબરના ઘરમા રહીએ છીએ અને કયા ઘર નંબરમા રહીએ છીએ તે અંગેનો ગ્રામ પં ચાયતનો પુરાવો સદર કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, બચુભાઈ રૂપાભાઈના મકાન લેવા માટે જવાબ આપવા આવેલ છીએ. એ વાત ખરી નથી કે, સદર વાડાની જમીન બાબતે અમોએ વાદી સાથે તકરાર કરેલી છે. એ વાત ખરી નથી કે, બચુભાઈ વર્ષોથી તેમના મકાનમા રહે છે. સાહેદ જણાવે છે કે, તેઓ જુના મકાનમા રહે છે.  એ વાત ખરી નથી કે, બચુભાઈનુ મકાનની જમીન પડાવી લેવા માટે ખોટી જુબાની આપુ છું. સદર કામે વાદીએ પોતાની સ્વતંત્ર માલીકી ભોગવટાની રહેણાકનુ મકાન મોજે ગામ આમલેથા ગ્ર ામ પંચાયત દફતરે ઘર નં–૪૦૩ થી નોંધાયુ છે. તે મકાનની જમીન તેઓએ ગામના વેરાગીભાઈ મેલીયાભાઈ, ઈચ્છાલભાઈ  ગેરીયાભાઈ તથા શનુભાઈ સોમાભાઈ પાસેથી તા. ૦૫.૦૧.૨૦૦૧ ના રોજ રૂપિયા ૬૩૦૦/– મા જમીન વેચાણ રાખેલી તે લગતનો વેચાણ

કરાર અસલ આંક–૨૮ થી રજુ કરેલ છે. જેમા માલીકોની સહીઓ તરીકે વેરાગીભાઈ, ઈચ્છાલભાઈ, શનુભાઈ , સુમનલાલ, મંગીબેન, સસરીબેનનાઓની છે. તેમજ વેચાણ રાખનાર તરીકે હાલના વાદી બચુભાઈ રૂપાભાઈ નાઓની અંગુઠાનુ નિશાન છે સદરહુ વેચાણનો કરાર વીસના સ્ટેમ્પ પર લખેલો છે. જેથી વેચાણ આપનનારા ઓએ તેઓના હીસ્સામા આવેલ વાડો તથા મકાન ૨૦૦૧ ની સાલમા વાદીને વેચાણ આપેલ છે તે પુરવાર થા છે. વધુમા વાદી આ જમીનમા મકાન બનાવીને રહે છે. અને તેના અનુસંધાને મકાનનો ઘર નંબર ૪૦૩ ગ્રામ પંચાયતે નોંધાયેલો છે. વધુમા વાદીએ આ ઘરનો વેરો ભર્યાની પહોચો આંક–૩૦ થી ૩૩ સુધી રજુ કરેલ છે. ેના આધારે સાબિત થાય છે કે, વાદી પોતાની જમીનમા માલીકીના મકાનમા રહે છે. વધુમા આંક–૩૪ થી વાદીએ પોતાનુ સોગં દનામુ રજુ કરેલ છે તેમા પણ પોતાના દાવા અરજીના સમર્થનમા પુરાવો રજુ કરેલ છે. તેમજ ઉલટતપાસમા પણ પોતાની દાવાની હકીકતોને વળગી રહેલ છે. અને જણાવેલ છે કે, વાદગ્રસ્ત જમીન કુલ ૯ ગુંઠા છે તે પૈકી ૨ ગુંઠા મને વેચાણ આપેલ છે તેમજ આ વેચાણનુ લખાણ સ્ટેમ્પ પેપર ઉપર કરી આપેલ છે. આ જમીન પર મારો વીસ વર્ષથી કબજો છે. વધુમા વાદી તર્ફે આંક– ૩૬ થી જે સાહેદ સોગંદ પરના પુરાવા પર જણાવે છે કે, **વાદી તરફે સાહેદ અમરતભાઈ ખાલપાભાઈ વસાવા આકઃ૩૬ની સોગધપરની જુબાનીમા જણાવે છેકે,વાદીની સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાનુ રહેણાકનુ મકાન ગામ આમલેથા ગ્રામ પં ચાયત દફતરે ઘર નં.૪૦૩ નંબરથી નંધાયેલ છે.જે મકાનનો જુનો બ્લોક વાડાનુ ૭૪ અનેનવો**

**બ્લોક વાડા નં.૫૦૨ થી આવેલ છે. જે મકાનમા વાદીના ઘરના સભ્યો સાથે રહી જીવન ગુજારીએ છીએ.સદર માનકની જમીન અમારા ગામના વેરાગીભાઈ મેલીયાભાઈ વસાવા ઈચ્છલાભાઈ મેલીયાભાઈ તથા શનુભાઈ સોભાઈ પાસેથી તાઃ૫/૧/૨૦૦૧ના રોજ રૂ.૬૩૦૦/મા એમના હીસ્સાનો વાઠાડામા આવેલ તેઓનુ મકાન વેચાણ રાખેલ** જેની ચર્તુદિશા જોતાઃ–

પુર્વઃજાહેર રસ્તો

પચિમઃ મગરા અમરાનો વાડો

ઉત્તરઃજગદીશ રમણનો વાડો

દક્ષિણેઃદિવાલ યુનીયાનો વાડો

**ઉપરોકત ચતુદિશા વચ્ચે વાદવાળી મકાન આવેલ પુર્વ–પચ્મિ ૩૬ ફુટ અને ઉતર દક્ષિપ ૬૦ ફુટ આવેલ છે જે મકાનમા વાદી સને ૨૦૦૧થી સ્વતંત્ર માલીકી કબજા ભોગવટામા રાખી તેનો ઉપયોગ ઉપભોગ વહીવટ આજદિન સુધી કરતા આવેલ છે.આ કામના પ્રતિવાદી જેઓ વાદવાળી વાડોના સહમાલીક છે અને તેઓ વચ્ચે વાદવાળી વાડાની વહેચણ થઈ ગયેલ છે. જે મુજબ વેરાગીભાઈ તથ તેમના ભાઈ ઈચ્છલાભાઈ તથા શનુભાઈએ તેમના હીસ્સામા આવેલ વાડો તથા મકાન અમોને ૨૦૦૧ની સાલમા વેચાણ આપી દીધેલ જે આધારે તેઓની કબુલાત અને સંમતીના આધારે અમારુ નામ ગ્રામ પંચાયત દફતરે ઘર નં.૪૦૩ થી દાખલ થયેલ છે.જે હકીકત હુ સારીરીતે જાણુ છુ. જે જાણવા તથા માનવા મુજબ સાચી અને ખરી છે.** આમ સદરહું સાહેદ પણ વાદી ૨૦૦૧ થી પોતાના માલીકીના મકાનમા રહે છે તેમજ

વાદગ્રસ્તવાળુ આ કામના પ્રતિવાદીઓ સાથે વહેચણ થઈ ગયેલ છે જે મુજબ વેરાગીભાઈ તથા તેમના ભાઈ ઈચ્છાલભાઈ તથા શનુભાઈએ તેમના હીસ્સામા આવેલો વાડો તથા મકાન ૨૦૦૧ ની સાલમા વેચાણ આપી દીધેલ. જે આધારે ગ્રામ પંચાયત દફતરે ઘર નંબર ૪૦૩ પડેલ છે. સદર સાહેદની ઉલટતપાસ કરવામા આવેલ છે પરંતુ પોતાની સરતપાસની હકીકતોને વળગી રહેલ છે વધુમા આ કામે આંક–૩૯ થી ત.ક.મંત્રી **બચુભાઈ રૂપાભાઈ વસાવાનુ રહેણાકનુ મકાન આમલેથા ગ્રામ પંચાયત દફતરે આકારણી રજીસ્ટર નંબર ૪૦૩ થી નોંધાયેલ છે. જે આ કામે રજુ કરીએ છીએ. જેમા મારી સહી તથા અમારી ગ્રામ પંચાયતનો રાઉન્ડ સીલ મારેલ છે. જે રજુ દાખલા આંક .૪૦ આપવામા આવે છે. આકારણી રજીસ્ટર નંબર ૩૫૭ થી સને ૨૦૦૩–૦૪ ની આકારણી રજીસ્ટરમા નોંધેલ છે. જે રજીસ્ટરની પ્રમાણીત નકલ આજરોજ હું રજુ રરૂ છું જેમા મારી સહી તથા ગ્રામ પંચાયતનો રાઉન્ડ સીલ મારેલ છે. જેને રજુ દાખલ આંક .૪૧ આપવામા આવે છે. આ મકાન વાડા નંબર ૭૪ મા આવેલ છે. જે પંચકયાસ કરતી વખતે બચુભાઈના રૂબરૂના નિવેદનના આધારે હું જણાવું છું.** સદર સાહેદ પણ વાદીના દાવાને સમથનકારી પુરાવો આપે છે તેમજ પંચાયતની કચેરીનો જે પબ્લીક રેકડ રાખવામા આવે છે તે રેકડ આંક–૪૦ થી તથા ૪૧ થી રજુ કરેલ છે. સદરહુ દસ્તાવેજો ભારતીય પુરાવા અધિનીયમની કલમ ૭૪ મુજબ જાહેર દસ્તાવેજો હોઈ તેને ન માનવામા કોઈ કારણ નથી. સદર સાહેદની ઉલટતપાસમા પણ પ્રતિવાદી કોઈ બચાવની હકીકત કઢાવી શકેલ નથી. આ કામે પ્રતિવાદી નં–૪ આંક–૪૯ ની જુબાનીમા પોતાના દાવાનો જવબા રજુ કરેલ છે તેને સમથનકારી પુરાવો આપે છે. તેમજ

વાદીને વાદગ્રસ્ત વાડો વેચાણ આપેલ નથી તેમ જણાવે છે પરંતુ અગાઉ ચર્ચા કરી તે મુજબ વાદીઓ તથા પ્રતિવાદીઓ વચ્ચે વેચાણ કયાની હકીકત આંક ૨૮ ના દસ્તાવેજથી પુણ થાય છે વધુમા પ્રતિવાદીઓ તફ”રે માત્ર સુમનભાઈ ઈશ્વરભાઈનો પુરાવો આવેલ છે તે સિવાયના અન્ય કોઈ પ્રતિવાદીઓનો કોઈ જ પુરાવો રેકડ પર આવેલ નથી. વધુમા વાદગ્રસ્ત જમીન ના વેચાણની કાયવાહી ૨૦૦૧ ની સાલમા થયેલ છે ત્યારબાદ વાદી બહેનો મકાન બનાવીને રહે છે અને તે અનુસંધાને ગ્રામ પંચાયત તરફથી ઈસ્યુ થયેલ વેરો ભરાયેલી પાવતીઓ રજુ કરેલ હોય બાવીસ વર્ષ ના લાંબા ગાળા પછી પ્રતિવાદીઓ વાદગ્રસ્ત જમીનની તકરાર લઈને આવતા હોય તેઓને સમયમયાદાના કાયદાનો પણ બાધ નડે છે. વધુમા આં ક–૨૮ વાળો વેચાણ કરાર થયા બાદ સદરહુ કરાર રદ બાતલ હોય તો તે રદ કરવા માટેનો દાવો સ્પેશીશફીક રીલીફ એકટની કલમ ૩૧ મુજબ પ્રતિવાદીઓ દ્રારા કરવામા આવેલ નથી. વધુમા આ કામે પ્રતિવાદીઓ દ્રારા આંક ૫૧ ના લીસ્ટથી ગામનો નમુનો નંબર ૮– અ તથા ૭×૧૨ના ઉતારા રજુ કરવામા આવેલા છે પરંતુ નામદાર સુપ્રિમ કોટ તથા હાઈકોટે ઘણાબધા ચુકાદામા ઠરાવેલુ છે કે, રેવન્યુ રેકડમા પડેલી નોંધના આધારે કોઈ વ્યકિતનો માલીકી હક ઠરાવી શકાય નહી. વધુમા આ કામે વાદગ્રસ્ત જમીનમા વાદી મકાન બનાવીને રહે છે અને તેના અનુસંધાને પંચાયતના રેકર્ડમા ઘર નંબર પડેલો હોય અને તે મકાનનો વેરો વસુલ લેવામા આવતો હોય તો તેના આધારે પણ વાદી વાદગ્રસ્ત

મકાનના માલીક છે તેવુ પુરવાર થાય છે. આમ ઉપરોકત ચર્ચા કરી તે મુજબ વાદી મુદ્દા નં બર ૧ પુરવાર કરતા હોય મુદ્દા નંબર ૧ નો જવાબ હકારમા મુદ્દા ૨ અને ૩ નો જવાબ નકારમા તથા મુદ્દા નંબર ૪ નો જવાબ હકારમા ઠરાવી મુદ્દા નંબર ૫ અન્વયે ન્યનયના હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

:::: હુ ક મ ::::

(૧) વાદીનો દાવો આથી **મંજુર** કરવામા આવે છે.

(૨) આથી વાદીના સ્વતંત્ર માલીકી કબજા ભોગવટાના ઘર નં.૪૦૩ ની પશ્ચિમ દિશા તરફ વાદીની માલીકીની જમીનમા આ કામના પ્રતિવાદીઓ જાતે કે તેમના એજન્ટ મારફતે કોઈ પણ પ્રકારની ગે.કા. દબાણ કરે કરાવે નહી તેમજ વાદવાળી જમીનની બળજબરીયાનથી કબજો છીનવી લઈ લેવડાવે નહી કે વાદવાળી જમીનનો ઉપયોગ ઉપભોગ કરતા કોઈપણ પ્રકારની ગાળો કે ધમકી આપી અપાવે નહી તેવો જાથુનો મનાઈ હુકમ આપવામા આવે છે.

(૩) વાદીનો ખર્ચ પ્રતિવાદીઓએ ભોગવવાનો રહેશે.

(૪) હુકમ અનુસાર હુકમનામુ દોરવુ.

આજ તારીખ 5મી ઓકટોબર ૨૦૨૩ નારોજ ખુલ્લી અદાલતમા જાહેર કર્યો.

આ હુકમ આજ રોજ તારીખ 5 મી, માહે–ઓકટોબર, સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:રાજપીપળા

તા: 5/10/2023

( જયેશ કાભઈભાઈ ખાંટ)
એડી. સીનીયર સીવીલ જજ
રાજપીપળા
જજ કોડ નંબર:જીજે૦૧૦૮૬.